**CRIMINAL ENQUIRY NO. 116/2026**

**ફોજદારી ઈન્કવાયરી નં. ૧૧૬/૨૦૨૬**

**<u>આંક–૧ લગત વધુ હુકમ</u>**

**(૧)** બન્ને પક્ષની રેકર્ડની રજુઆત ધ્યાને લીધી તથા રજુઆત સાંભળી. હાલની ફરીયાદ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામના ફરીયાદીએ હાલની ફરીયાદ પોતે ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩ ની કલમ–૨(૨૮) અંતર્ગત ''સરકારી નોકરી'' તરીકે ફરજ બજાવતા હોય દાખલ કરેલી છે. જેથી આ કામે હાલની ફરીયાદ/ઈન્કવાયરી સબબ આરોપીને નોટીસ કરતા તેની ધારાધોરણસરની બજવણી તેઓને થયેલ છે. તેમ છતાં આજદિન સુધી આરોપી હાજર થયેલ નથી કે કોઈ શો–કોઝ સબંધી રજુઆત કરેલ નથી.

**(૨)** જેથી આ કામે રજુ ફરીયાદીની ફરીયાદ અને રજુ કેસ પેપર્સ ધ્યાને લેતા આરોપી સામે સબબ ગુનાની પ્રથમ દર્શનીય રીતેની આગળની કાર્યવાહી કરવા પુરતા અને સબળ કારણો જણાઈ આવે છે. વધુમાં આરોપીએ હાજર થઈ કોઈ રજુઆત કરેલી ન હોય તેઓની ગેરહાજરી સુચવે છે કે તેઓને આ સબંધી કોઈ રજુઆત નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

– હાલની ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરેથી આથી કેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

– સદર કેસ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી આરોપી સામે બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૨૭ અન્વયે ફરીયાદ સબબના ગુનાઓ અંગેનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામા આવે છે.

– સદર સમન્સની હવે પછીની **<u>મુ.તા. ૦૩/૦૭/૨૦૨૬</u>** ના રોજની રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

સ્થળ : <u>સુરત.</u>

તારીખ : **<u>૦૬/૦૬/૨૦૨૬</u>**

**( હીતેન્દ્ર કરશનભાઈ મેરીયા )**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અને ન્યાયાધીશ (સી.ડી.)
મજુર અદાલત નંબર–૩, સુરત.
**GJ-01279**